તા. 25-08-2024

સમય : સવારે 7.10

# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 25-08-2024 સવારે : 7.10 થી 7.20

વાર : રવિવાર પ્રાદેશિક સમાચાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા.... પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

✓ કેન્દ્રીય કેબિનેટે યુનિફાઇડ પેન્શન યોજનાને મંજૂરી આપી...દસ વર્ષ પછી નોકરી છોડનારાને પણ લઘુત્તમ પેન્શનનો લાભ આપવાની જોગવાઇ

✓ આજે મન કી બાતની 113મી કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આકાશવાણી પરથી પોતાના વિચારો રજ કરશે..

✓ રાજ્યમાં 198 તાલુકાઓમાં વરસાદ વરસ્યો- આગામી 3 દિવસ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદનું હવામાન વિભાગે રેડએલર્ટ જાહેર કર્યું

✓ સાસણ વન વિભાગ દ્વારા સિંહ તેમજ અન્ય પ્રાણીઓની સુરક્ષાને લઈ સ્પીડ કંટ્રોલ મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરાઇ

✓ દ્વારકામાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણીની તૈયારીઓ પૂર્ણ – મોટી સંખ્યામાં કૃષ્ણભક્તોની ઉપસ્થિતિને ધ્યાને લઇને તંત્ર દ્વારા સલામતીની ચુસ્ત વ્યવસ્થા.

.............................................................................................

## Cabinet approved UPS

કેન્દ્રીય કેબિનેટે સરકારી કર્મચારીઓ માટે નિશ્ચિત પેન્શન ની ખાતરી આપતી યુનિફાઈડ પેન્શન યોજના-UPSને મંજૂરી આપી છે.

નવી દિલ્હીમાં ગઈકાલે કેબિનેટની બેઠક બાદ મીડિયાને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજનાના પ્રથમ આધારસ્તંભ નિશ્ચિત પેન્શન હેઠળ ઓછામાં ઓછી 25 વર્ષની સેવા આપનાર કર્મચારીને નિવૃત્તિ પહેલાના છેલ્લા બાર મહિનાના સરેરાશ મૂળભૂત વેતનના 50 ટકા પેન્શન મળશે.

તા. 25-08-2024

સમય : સવારે 7.10

બીજો સ્તંભ નિશ્ચિત કૌટુંબિક પેન્શન ખાતરી આપે છે કે, કર્મચારીના અવસાન પછી પરિવારને 60 ટકા પેન્શન નિશ્ચિત કરવામાં આવશે. ત્રીજા આધારસ્તંભ લઘુત્તમ પેન્શન હેઠળ ઓછામાં ઓછા 10 વર્ષની સેવાનિવૃત્તિ પર દર મહિને 10 હજાર રૂપિયાના દરે લઘુત્તમ પેન્શનની ખાતરી આપવામાં આવી છે. આ પેન્શન પર ઔદ્યોગિક કામદારો માટે ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (AICPI-IW) પર આધારિત મોંઘવારી રાહત ધ્યાને લેવાશે. ગ્રેચ્યુટી ઉપરાંત નિવૃત્તિ પર નિશ્ચિત રકમની ચુકવણી કરાશે.

આ યોજના પહેલી એપ્રિલ 2025થી લાગુ થશે. આનાથી લગભગ 23 લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓને આ યોજનાનો લાભ મળશે.

.................................................................

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમનો આ 113મો એપિસોડ છે.

11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

.................................................................

## STATE RAIN

રાજ્યમાં તોફાની વરસાદનો બીજો રાઉન્ડ સર્જાયો હતો.. ગઇકાલે સવારના છ વાગ્યાથી લઇને રાત્રીના આઠ વાગ્યા સુધીમાં 198 તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.. જેમાં સુરત, મહેસાણા, પાટણ અમરેલીમાં બારેમેઘ ખાંગા થયા હતા..

તા. **25-08-2024**

સમય : સવારે 7.10

ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલી વરસાદની માહિતી અનુસાર 198 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. જેમાં સુરતના ઉમરપાડામાં 9 ઇંચ, મહેસાણાના વિજાપુરમાં સવા 8 ઇંચ, વલસાડ, વાપી, અને ધરમપુરમાં 6 ઇંચની આસપાસ વરસાદ વરસતા પૂરની સ્થિતિ સર્જાઇ હતી. ગત મોડીરાત્રે પણ અનેક સ્થળોએ ભારે વરસાદ વરસવાના અહેવાલ છેજેમાં પાટણ અને અમરેલીમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. તાપીના ઉકાઈ ડેમમાં પાણીની આવક વધતાં ડેમના 10 દરવાજા ખોલી 1 લાખ 23 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

જ્યારે અમદાવાદમાં પણ ગઇકાલે દિવસ દરમિયાન ભારે વરસાદ વરસ્યો હોવાના અમદાવાદ મહાનગર પાલિકાના કંટ્રોલ રૂમ દ્વારા જણાવાયું હતુ. શહેરમાં દિવસ દરમિયાનસરેરાશ પોણા 2 ઇંચ વરસાદ વરસ્યો હતો જેમાં સૌથી વધુ ઉત્તર અને ઉત્તર પશ્ચિમ ઝોનમાં 2 ઇંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હતો. બીજીતરફ હવામાન વિભાગા આગામી છ દિવસ દરમિયાન ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારેથી અતિભારે, સોમવાર અને મંગળવારના રોજ ભારેથી અતિભારે વરસાદની શક્યતા દર્શાવીને રેડએલર્ટ જાહેર કરાયું છે.

.......................................................................

## GIR SOMNATH-SPEED MONITORING SYSTEM

સાસણ વન વિભાગ દ્વારા સિંહ તેમજ અન્ય પ્રાણીઓની સુરક્ષાને લઈ સ્પીડ કંટ્રોલ મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે.

જંગલ તરફથી કોઈપણ વન્ય પ્રાણી રસ્તા ઉપર આવે તો રસ્તા પર લગાવેલા ડિસ્પ્લેમાં વાહન રોકી દેવાનો મેસેજ આવી જાય છે. આ ઉપરાંત આ રસ્તા ઉપર વાહનની ગતિ મર્યાદા 30 કિલોમીટરની નક્કી કરવામાં આવી છે. આ અંગે વન્ય પ્રાણી વર્તુળ જુનાગઢના સીસીએફ આરાધના સાહુએ વધુ માહિતી આપી.....

**(બાઈટ - વન્ય પ્રાણી વર્તુળ, જુનાગઢના સીસીએફ આરાધના સાહુ)**

.......................................................................

- પીટીસી, ગીર સોમનાથ, હેમાંગીની

તા. **25-08-2024**

સમય : સવારે 7.10

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો.

..................................................................................

# DHWARKA -JANMASTHMI

દ્વારકા જિલ્લામાં કૃષ્ણ જન્મોત્સવને લઈ વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઇ ચૂક્યો છે. દ્વારકા આવતા ભક્તોને કોઈ અગવડતા ન પડે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરાઇ છે. જે અનુસંધાને દ્વારકા જિલ્લા કલેકટર જી.ટી.પંડ્યાએ પત્રકાર પરિષદમાં વધુ માહિતી આપી હતી....

(ઓડિયો - જી.ટી.પંડ્યા, દ્વારકા જિલ્લા કલેકટર)

..................................................................................

# SURENDRANAGAR MELO

સુરેન્દ્રનગર - દુધરેજ - વઢવાણ નગરપાલિકા દ્વારા જન્માષ્ટમી લોકમેળાનું ઉદઘાટન કરાયું હતું. ૨૪મી ઓગસ્ટથી ૨૯ ઓગસ્ટ સુધી ચાલનારા આ મેળામાં મોટી સંખ્યામાં લોકો ઉમટી રહ્યાં છે.

વિવિધ પ્રકારના ચકડોળ, નાના બાળકો માટેની રાઇડસ, મોતનોકુવો, ખાણીપીણી તેમજ રમકડાંના સ્ટોલ પણ ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ લોકમેળામાં નવી એસઓપી મુજબ આરોગ્ય સેવા અને ફાયર સેફટી સુરક્ષાની પણ વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. મેળો માણવા આવતા લોકોની સુરક્ષાને ધ્યાને લઇ પોલીસ કાફલો તૈનાત કરાયો છે. ટાવર ઊભા કરી ગોઠવેલા વોચ કેમેરા થકી મેળાનું સતત નિરિક્ષણ કરવામાં આવશે. સતત છ દિવસ સુધી દરરોજ રાત્રે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જેમાં લોક ડાયરો, મ્યુઝિકલ નાઈટ અને ગુજરાતી ગીતો સહિતના કાર્યક્રમ યોજાનાર છે.

..................................................................................

તા. **25-08-2024**

સમય : સવારે 7.10

## Ambaji-Bhadravi Poonam Mela

**વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અને શક્તિપીઠ અંબાજી ખાતે આગામી 12 થી 18 સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો યોજાશે.**

**મેળામાં યાત્રિકોની તમામ પ્રકારની સેવાઓને સગવડો સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં અંબાજી ખાતે ગઈકાલે એક બેઠક યોજાઈ ગઈ. આ અંગે વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રીએ આ મુજબ જણાવ્યું...**

(બાઇટ : આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ)

..........................................................................

## Civil hospital - angdan

**સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે અંગદાનનો પ્રેરણારૂપ કિસ્સો બન્યો છે. રક્ષાબંધને રાખડી બંધાવવા અમદાવાદથી વતન જઇ રહેલા મૂળ સુરેન્દ્રનગરના પ્રકાશભાઇને માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઇજા પહોંચતા તેઓને ૬ દિવસની સારવારના અંતે બ્રેઇનડેડ જાહેર કરાયા હતા. જેથી તેમના પરિવારજનોએ અંગદાન કરવાનો લીધો હતો.**

**આ અંગદાનમાં હ્રદય, બંને કિડની અને 1 લીવર તેમજ 2 આંખો સાથે કુલ ચાર અંગો અને બે પેશીઓનું દાન મળ્યું છે. ખાસ કરીને પોતાના વ્હાલસોયા ભાઇના અંગો અન્ય જરૂરીયાતમંદને ઉપયોગી થાય અને અન્ય બહેનના ભાઇની કલાઇ તેની રક્ષા કાજે જીવંત રહે તેવા ઉમદા ભાવ સાથે અંગદાનના નિર્ણયમાં ભારે હૈયે તેમના બંને બહેનો પણ સહભાહી બન્યા હતા.**

**ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલ દ્વારા અત્યાર સુધીમાં કુલ ૧૬૨ અંગદાતાઓ થકી કુલ ૫૨૪ અંગો નું દાન મળેલ છે. જેના થકી ૫૦૮ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું કે, પ્રકાશભાઈના પરિવારજનોએ સાચા અર્થમાં "બધા ભારતીયો મારા ભાઈ બહેન છે" તે વાક્યને આત્મસાત કર્યું છે.**

..........................................................................

તા. **25**-08-2024

સમય : સવારે 7.10

# IRMA – Pamchayati Raj Minister

ગ્રામ્ય વ્યવસ્થાપન સંસ્થા – આઈ.આર.એમ.એ. આણંદ ખાતે કેન્દ્રિય પંચાયતી રાજ વિભાગના રાજ્યમંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલની ઉપસ્થિતિમાં પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વિભાગના અધિકારીઓ માટે વ્યવસ્થાપન વિકાસ કાર્યક્રમ એમ.ડી.પી.નો સમાપન કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમને સંબોધન કરતાં શ્રી બઘેલે જણાવ્યું કે, આ પહેલ લોકશાહીના સિદ્ધાંતોને પાયાના સ્તરે જાળવી રાખવામાં અને શિક્ષણને વધુ અસરકારક વહીવટમાં અમલી બનાવવા ઉપયોગી થશે. તેમણે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો પણ એનાયત કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે, આ પાંચ દિવસીય કાર્યક્રમ આઈ.આર.એમ.એ. આણંદ ખાતે ગત 19મી ઓગસ્ટે શરૂ થયો હતો. જે અંતર્ગત નિષ્ણાંતો દ્વારા ગુજરાત, તેલંગાણા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ સહિતના રાજ્યોમાં સત્રો યોજવામાં આવી રહ્યા હતા..

.....................................................................